# Day to Day Current Affairs September – 2015

24 સપ્ટેમ્બર 2015

## ૧. વડાપ્રધાન મોદી આયર્લેન્ડ પ્રવાસે :

- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી 7 દિવસ માટે આયર્લેન્ડ અને યુએસના પ્રવાસે ગયા.

- આ અંતર્ગત પ્રથમ તબક્કે તેઓ આયર્લેન્ડ પહોચ્યા હતાં.

- આયરિશ વડાપ્રધાન એન્ડા કેનીએ મોદીનું સ્વાગત કરતાં આયર્લેન્ડની ક્રિકેટ જર્સી, સ્લિઓટાર અને હર્લી ભેટમાં આપ્યા હતાં.

- મોદીએ પણ એન્ડા કેનીને ભારતનાં રાષ્ટ્રીય સંગ્રહમાથી પસંદગીની હસ્તોપ્રતો ઉપરાંત માર્બલમાથી તૈયાર કરાયેલા સ્મૃતિચિહ્ન ભેટ કર્યુ હતું.

## ૨. RBI દ્વારા પ્રજ્ઞાચક્ષઓ પણ અસલી નોટ ઓઅળખી શકે એ માટે નવી બહાર પડાય :

- તાજેતરમાં RBI દ્વારા રૂપિયા 100,500 અને 1000ની કિંમત નવી નોટો બહાર પડાય.

- આ નોટ પ્રજ્ઞાચક્ષુઓ પણ ઓળખી શકે તે માટે તેમાં અમુક ચિહ્ન મુકવામાં આવ્યા છે.

- નોટમાં નવી નંબરિંગ પધ્ધતી પ્રમાણે બંને નંબર પેનલમાં નંબરની સાઇઝ ડાબેથી જમણી બાજુ નાનેથી મોટી થતી જાય છે.

- પ્રજ્ઞા ચક્ષઓ માટે સહેલાઇથી ઓળખી શકાય તેવા ચિહ્નો :

૧. બેંક નોટોની આગળના ભાગમાં ડાબી અને જમણી બંને બાજુએ ત્રાસી રેખાઓ રખાશે જે નીચે મુજબ હશે.

રૂ ૧૦૦ની નોટમાં 4 રેખાઓ, રૂ ૫૦૦ની નોટમાં 5 રેખાઓ રૂ ૧૦૦૦ની નોટમાં 6 રેખાઓ.

૨. નોટની આગળના ભાગમાંડાબી બાજુએ બીજુ એક ઓળખ ચિહ્ન હશે જે નીચે મુજબ છે.

રૂ 100 ની નોટમાં ત્રિકોણ. રૂ 500ની નોટમાં વર્તુળ

રૂ 1000ની નોટમાં ચોકટ

## ૩. ટેલીકોમ કંપની યુનિનોરે નામ બદલી ટેલિનોર કર્યું :

- તાજેતરમાં ટેલિકોમ કંપની યુનિનોર તેનીબ્રાન્ડનું નામ બદલીને ટેલીનોર  કર્યું.

- આ સાથે કંપનીએ તેની ટેગ લાઇન સબસે સસ્તાથી બદલીને ‘અબ લાઇફ ફુલ પૈસા વસુલ’કરી દીધી છે.

- તેમજ કંપનીના નેટવર્કથી થનારા બધા જ કોલ ડ્રોપનું વળતર  કંપની આપશે.

Vivekanand Academy, Gandhinagar